# ગાંધીનગર જિલ્લામાં શ્રાવણિયા જુગાર સામે પોલીસનો સપાટો

## જિલ્લામાં ૪ સ્થળોએ દરોડા : ૨૫ જુગારીઓ ઝડપાયા : ૩૯ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં શ્રાવણીયો જુગારની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી રહી હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે ત્યારે આજે જિલ્લામાં ચાર અલગ-અલગ જુગારધામ પર પોલીસે આજે દરોડો પાડી ૨૫ જુગારીયાઓને ઝડપી પાડી તેમની પાસેથી કુલ રૂ. ૩૯,૧૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે અલગ - અલગ અડાલજ અને ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ ચિલોડા નજીક મહુન્દ્રા ગામની સીમમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે ચિલોડા પોલીસે જુગાર સ્થળે દરોડો પાડી ૬ જુગારીઓને ઝડપી પાડ્યા હતા.

ચિલોડા નજીક મહુન્દ્રા ગામની સીમનાં એક ખેતરમાં કેટલાક જુગારીયાઓ જુગાર રમતા હોવાની ખાનગી બાતમી ચિલોડા પોલીસ મથકના પી.આઈ. બી. સી. ઠક્કરને મળતા તેઓએ સ્ટાફના માણસો કાન્તિભાઈ રાવળ, દેવેન્દ્રસિંહ વગેરે સિવિલ ડ્રેસમાં બાતમી સ્થળે દરોડો પાડ્યો હતો અને જુગાર રમતા મહુન્દ્રા ગામના બબાજી પ્રતાપજી ઠાકોર, સંજય વીરાભાઈ પ્રજાપતિ, અશોક ગોવિંદભાઈ પ્રજાપતિ, ઉજ્જવલ બાબુભાઈ શાહ, ગોવિંદભાઈ સોમાભાઈ પ્રજાપતિ અને ચિલોડાના જીવણજી ગાંડાજી ચૌહાણની ધરપકડ કરી હતી. પોલીસે આ જુગારધામ પર દરોડો પાડી રોકડ રકમ રૂ. ૧૦,૨૭૦ તથા ૬ મોબાઈલ મળી કુલ ૧૫૦૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉપરાંત ચિલોડા પોલીસે બાતમીના આધારે સાદરા ગામે ધમધમતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો અને ખુલ્લામાં જુગાર ટીચતા કરણસિંહ ગોપાલસિંહ રહેવાર, પરબતજી રામાજી ઠાકોર, વિષ્ણુ ગોવિંદભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રણજીતસિંહ રહેવર, આશિષ રામાભાઈ પટેલ, જગદીશ શિવાભાઈ પટેલ અને અનિલકુમાર હીરાભાઈ પટેલને રંગેહાથ જુગાર રમતા ઝડપી પાડી તેમની પાસેથી રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ. ૯,૦૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ વિરુદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આજે જિલ્લાના અન્ય એક અડાલજ પોલીસ મથકે પણ બે અલગ - અલગ દરોડામાં ૧૨ જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા. અડાલજ પોલીસ મથકની હદમાં ખોરજ ગામે અને શેરથા ગામે કેટલાક ઈસમો ખુલ્લા જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતા અડાલજના પી.આઈ. એ. એમ. પરમારની સૂચનાથી પોલીસે બે ટીમ બનાવી બે જગ્યા પર દરોડો પાડ્યા હતા. જેમાં ખોરજ ગામે જુગાર રમતા ચેતન હર્ષદભાઈ પટેલ, સુરેશ રમેશભાઈ પટેલ, વિજય તખુજી દરબાર, મનીષ રાજુભાઈ બારોટ, પ્રમિત ભરતભાઈ પટેલ, ધવલ ફકીરભાઈ ત્રિવેદી અને યોગેશ ભીખાભાઈ પટેલ (તમામ રહે. ખોરજ ગામ)ને હારજીતનો જુગાર રમતા ઝડપી પાડ્યા હતા અને કુલ રૂ. ૧૦,૨૫૦નો મુદ્દામલ જમા કર્યોહતો. આ અંગેઅડાલજના જમાદાર રમતુજી છનાજી તપાસ ચલાવી રહ્યા છે.

જ્યારે અન્ય એક શેરથા ગામે ખુલ્લામાં હારજીતનો જુગાર રમતા શેરથા ગામના જ લક્ષ્મણ મંગાજી ઠાકોર, નટવર અતાજી ઠાકોર, અશોક બબાજી ઠાકોર, અમરાજી જીવાજી ઠાકોર અને જીવાજી નાથાજી ઠાકોરને રંગેહાથ જુગાર રમતા પકડી પાડી તેમની પાસેથી રૂ. ૪૭૪૦ની રોકડ રકમ જમા લીધી હતી અને તમામ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આમ, એક જ દિવસમાં જિલ્લાના ૪ અલગ - અલગ જુગારધામ પર પોલીસે દરોડા પાડી ૨૫ જુગારીયાઓ સહિત ૩૯ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

## ચિલોડા સર્કલ પાસેનાં અડચણરૂપ દબાણો હટાવાતાં લોકોમાં ભારે રોષ

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશ સમા ચિલોડા સર્કલના જાહેરમાર્ગો પરના ગેરકાયદેસર દબાણ પ્રવૃત્તિથી લોકોની મુશ્કેલી વધી રહી હતી. અહીંયાથી હિંમતનગર, ગાંધીનગર, અમદાવાદ, દહેગામ, સાદરા વગેરે સ્થળોએ અવર-જવરનું મોખરાનું સ્થાન ગણાય છે. આ વિસ્તારમાં નાના-મોટાં ધંધા-રોજગાર કરતાં પાથરણાવાળા તથા લારી ગલ્લાવાળા દ્વારા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે ત્યારે આ વિસ્તારમાં ટ્રાફિક નિયમનનો પ્રશ્ન એટલો જ મહત્વનો ગણી શકાય.

ટ્રાફિકનો પ્રશ્ન માથાના દુખાવા જેવો તેમજ અકસ્માતોનો ભય સતાવતો પ્રશ્ન, આડેધડ વાહનોની પાર્કિંગ સમસ્યા તથા રોડ માર્જીન નજીક દબાણોથી માનવ મહેરામણની ભીડનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો હતો ત્યારે લોકોની ફરિયાદો અને રજૂઆતના અંતે સત્તાવાહકો એ ટ્રાફિક અડચણરૂપ દબાણો દૂર કરવાની કડક કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે છેલ્લા દોઢ માસથી દૂર કરેલા દબાણકારોને અન્યત્ર જગ્યાની ફાળવણી તથા પસંદગીનો નિર્દેશ કર્યો હતો ત્યારે મોખરાની જગ્યા છોડવા ટસ ના મસ ન થતાં સ્થાનિક સત્તાવાહકોને ફરજના ભાગરૂપે કાર્યવાહી હાથ ધરતાં વારંવાર વિવાદ કે બિનજરૂરી સંઘર્ષ સર્જાતા બંને પક્ષે હતાશા વ્યાપી રહી છે. ચિલોડાના પાથરણાવાળા દ્વારા અન્યત્ર રીતે ધંધા-રોજગાર કરવા મજબૂર બની સહારો લેવા પ્રયાસ કરી રહ્યા છે. પરિણામે તા. ૨૮મી જુલાઈના રોજ ગાંધીનગર મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હીનાબેન પટેલની રાહબરી હેઠળ ચિલોડા પાથરણાવાળાનું પ્રતિનિધિ મંડળના મહિલા જૂથ ડી.એસ.પી. કચેરી ગાંધીનગર ખાતે ઈન્ચાર્જ ડી.એસ.પી. ઉષા રાડાને લેખિત આવેદનપત્ર દ્વારા અનેક ફરિયાદો સાથે રજૂઆત કરી પોતાની માંગ વ્યક્ત કરી હોવાનું જાણવા મળે છે. આમ છતાં આ અંગે કંઈક સુખદ ઉકેલ આવે તેવી તીવ્ર ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે.

### આજે મેઘરાજાને રીઝવવા સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ આજે મહિલા મંડળ અને વસાહતીઓના સહયોગથી પ્લોટ નં. ૧૫૨૮/૧, એકતા સોસાયટી, સરકારી દવાખાના પાસે, સેકટર-૨-સીગાંધીનગર ખાતે યોજાશે. દિલીપભારતી ગોસ્વામી અને બાલકિર્તનકાર હિરલ ગોસ્વામીની વ્યાસપીઠે યોજાનાર સુંદરકાંડના પાઠ જગતથી રૂઠેલા મેઘરાજાને રીઝવવા યોજાશે. સુંદરકાંડના પાઠનો લાભ લેવા ગાંધીનગરના સર્વે ભકતજનોને ખાસ જણાવવામાં આવ્યું છે.



ગાંધીનગર જિલ્લાના ચિલોડા ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયના ઉપક્રમે ચિલોડા પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન તહેવાર નિમિત્તે રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આધ્યાત્મિક કેન્દ્રના સંચાલિકા તારાબેન તથા પ્રિતિબેને પી.આઈ. બી.સી. ઠકકર સાહેબ તથા પોલીસ કર્મીઓને આધ્યાત્મિક જ્ઞાનનું મહત્વ સમજાવી રક્ષા રાખડી બાંધી પ્રસાદ અર્પણ કરી આર્શીવચન પાઠવ્યા હતાં. ત્યારબાદ પોલીસ કર્મીઓને સંકલ્પ લેવડાવ્યા હતાં. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## વધુ બે હેલ્થ વર્કરની તબિયત લથડી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ઘ-૩ સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર બેઠેલા હેલ્થ વર્કરમાં વધુ બે(૨)ની તબિયત લથડતાં બપોરે ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. તેમજ સિવિલમાં એડમીટ હેલ્થ વર્કરોની તબિયતમાં સુધારો થતાં ૪ વર્કરોને રજા આપવામાં આવી હતી. ગાંધીનગર યુવક કોગ્રેંસના આગેવાનોએ વર્કરોની મુલાકાત લઈ વ્યથા સાંભળી હતી.

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર બેઠેલા હેલ્થવર્કરોમાં ધર્મેન્દ્ર હેમાભાઈ પટેલ (ઉ.વ.૯૪) ગામ, નાયકા, તા.સમી અને નગીનભાઈ શીવાભાઈ રાઠવા ગામ બરોલી તા. નસવાડી, જિ. વડોદરા. જેની તબિયત લથડતાં ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક પછી એક વર્કરની તબિયત લથડતી જાય છે. સરકાર દ્વારા કોઈપણ જાતનો હકારાત્મક પ્રતિભાવ સાંપડયો નથી. યુવક કોગ્રેંસના આગેવાનોએ પણ મુલાકાત લઈ તેમની વ્યથા સાંભળી હતી.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીએ ઉભય રક્તદાન શિબિરો યોજી

ગાંધીનગર, તા. ૨૯

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન જયેન્દ્ર પરીખે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરના જિલ્લા શાખાની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા તાજેતરમાં સેક્ટર-૨-ડી ખાતે અને નવા સચિવાલય ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના વી કેર ફાઉન્ડેશન તથા રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં સેક્ટર-૨-ડી, હરિપાર્ક, અંબિકાચોક ખાતે જે.સી. પટેલના પૌત્રના જન્મ દિન નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૫ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કર્યુ હતું. તથા સામાન્ય વહીવટ વિભાગ બ્લોક નં. ૬, નવા સચિવાલય અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૦ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું. તમામ રક્તદાતાઓનો ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર તેમજ જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

### આજે ઝૂલેશ્વર મહાદેવ મંદિરે ૧૦૮ દીવડાઓની આરતી યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેકટર-૩૦માં આવેલા ઝૂલેલાલ-સાંઈબાબા મંદિર પરિસરના ઝૂલેશ્વર મહાદેવ મંદિરે આજે તા. ૩૦મી જુલાઈ ૨૦૧૨ને સોમવારે સાંજે ૬.૩૦ કલાકે ૧૦૮ દીવડાઓની મહાઆરતી કરવામાં આવશે. સિંધી પંચાયતના પ્રમુખે શ્રાવણી સોમવારની આ પવિત્ર સંધ્યાએ ૧૦૮ દીવડાઓની મહા આરતીનો લાભ લેવા આવવા સૌ ભકતજનોને ખાસ જણાવ્યું છે.

## સોજા ગામે કુપોષણવાળાં બાળકોનો નિદાન, સારવાર અને કીટ વિતરણ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્ય તથા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ડી.એન. બારોટના સીધા માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સોજા ખાતે તાજેતરમાં જુદા-જુદા ગામોના કુપોષણવાળા બાળકોનો નિદાન-સારવાર તથા કીટ વિતરણ કેમ્પ યોજાયો હતો.

કુપોષણવાળા બાળકોના નિદાન, સારવાર અને કીટ વિતરણ કેમ્પમાં બાળરોગ નિષ્ણાત ડૉ. જીતુભાઈ ગોસ્વામીએ જરૂરી સેવાઓ આપી હતી. કેમ્પમાં ૫૦ જેટલા લાભાર્થીઓ આવ્યા હતા. સોજા ગામના સરપંચ મોતીભાઈ પ્રજાપતિ, ઘનશ્યામભાઈ વાઘેલા, રજનીભાઈ પટેલના સહયોગથી નખ કાપવા માટે નેઈલ કટર, હાથ ધોવા માટે સાબુ સાથેની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તાલુકા પંચાયતના સદસ્ય અશ્વિનભાઈ પટેલ દ્વારા શુદ્ધ ઘીની સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. રીદ્રોલના મેડિકલ ઓફિસર ડૉ. ધરાબેન જાદવે આયુર્વેદિક ચ્યવનપ્રાસનું વિતરણ કર્યુંહતું. મેડિકલ ઓફિસર ડૉ. પરેશ રાઠોડ તથા તાલુકા આઈ.ઈ.સી. ઓફિસર દ્વારા કુપોષણ થવાના કારણો, કુપોષણની સારવાર, હાથ ધોવાની સારી રીત, પાણી માટે ડોયાનો ઉપયોગ વગેરેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# વેવાઇ ! તમે તો દીકરી આપીને અમારું ગૌરવ વધાર્યું છે

## વેવાઇના સંબંધોમાં એક અંતર હોય છે, આપણે તે અંતરને દૂર કરીએ તો...?

સંબંધ સજાવે જિંદગી

**સ્નેહાળ સંબંધ વેવાઈનો**

- પોપટલાલ પ્રજાપતિ
gsrelation@yahoo.com

કન્યા વિદાયનો પ્રસંગ હોય અને દીકરીની બાપની આંખનો ખૂણો પણ ભીનો થાય તો તે એક ચમત્કાર કહેવાય, ગમે તેવા કઠણ કાળજાનો માનવી દીકરીને વિદાય થતી જુએ ને તેના શરીરમાં જાણે ધ્રુજારી ઉત્પન્ન થાય છે. તેના જાણે કે લકવાગ્રસ્ત બની જાય છે. એક ડગલું પણ ભરવામાં સો મણના નિસાસા નખાઇ જાય છે. કોણ જાણે કેવો અજબ નાતો હોય છે. દીકરી અને બાપ વચ્ચે... પણ એક બાપને ત્રણ દીકરીઓ હોય, મધ્યમવર્ગીય પરિવાર હોય, કૌટુંબિક મોટી જવાબદારી હોય, દીકરીને લાડેકોડે મોટી કરી હોય, એને ધામધૂમથી પરણાવવાના કોડ હોય, પણ આર્થિક મુશ્કેલીથી મન મુંઝાતું હોય એવા લાગણીશીલ દીકરીના બાપને ત્રણે વેવાઇઓ એવા મળે જે એમ કહે કે “વેવાઇ, તમે તો દીકરી આપીને અમારું ગૌરવ વધાર્યું છે વેવાઇના સંબંધોમાં તો એક અંતર હોય છે, આપણે વેવાઇ મટી ભાઇ બનીએ તો કેવું?” આ શબ્દો સાંભળી કઇ દીકરીનો બાપ ધન્યતા ન અનુભવે? એટલું જ નહિ, આ વેવાઇની ખાનદાની ને સલામ કરવાનું મન થાય કે જયારે તેઓ દીકરાની જાન લઇને આવે તેના અગાઉ પોતાના પરિવારમાં ૧૫-૧૭ યુવાનો વેવાઇના માંડવે મોકલે કે, જાઓ વેવાઇનાં રસોડે... રસોડાની વ્યવસ્થા સંભાળો. તેમને માણસોની ખોટ ન પડે... પ્રશ્ન એ થાય કે દીકરાના બાપે એક વેવાઇ તરીકે બતાવેલી આ ખાનદાની માટે સમાજમાં કોઇ ઇલ્કાબ ખરો? એથી વિશેષ ખાનદાની વેવાઇએ ત્યાં બતાવી કે તેમણે દીકરીના બાપને કહ્યું કે, વેવાઇ, તમારી દીકરી માટે કરિયાવર લેવા જાઓ ત્યારે તમને સાથે રાખજો... એક સમયે દીકરીના બાપને ધ્રાસકો પડ્યો... અને વેવાઇ કરિયાવરની ખરીદી વખતે સાથે આવ્યા પણ ખરા, અને સાથે રહીને જેમ બને તેમ ઓછો ખર્ચ થાય તેવા વાસણ, કપડાંની ખરીદી કરાવી. આવી લાગણી અને સમજણ એક વેવાઇ દીકરીના બાપ પ્રત્યે રાખે તે તો દંતકથા જ લાગે ને?

આ ભાગ્યશાળી દીકરીઓના બાપ છે. સેકટર-૨બી, બ્લોક નં. ૪૫૧/૧ માં રહેતાં બુધાલાલ વાઘજીભાઇ પટેલ, આ ત્રણેય વેવાઇઓ સાથે બુધાલાલને આત્મીય સંબંધો. બુધાલાલ એટલે ભગવાનનો માણસ, ઉદારતા તો એવી કે મિત્રવર્તુળમાં કોઇને તકલીફ હોય તો વ્યાજે પૈસા લાવીને પણ તેને મદદ કરે. પડોશીની કોઇ પણ પ્રકારની સેવા હોય તો ૨૦ વર્ષ જૂનું ખખડધડ લ્યુના દોડી જાય... તેમના ધર્મપત્ની મંજુલાબેન પણ સેવાભાવી અને પરોપકારી વૃત્તિવાળા તેમને ત્રણ દીકરીઓ, દર્શના, હેતલ અને જાહ્નવી. ત્રણે વેવાઇઓ હંજરાજભાઇ સતાસિયા, પોપટભાઇ દેસાઇ અને મગનભાઇ અમીપરા. ત્રણે વેવાઇઓ ખાનદાનીમાં એકબીજાથી ચઢે તેવા. તેમણે પોતાની પુત્રવધુઓને સૂચના આપી હતી કે બેટા! ઘર છે તો કોઇ વાર બે વાસણ ખખડે પણ ખરા, પરંતુ સાસરી પક્ષની કોઇ તકલીફ તમારા પપ્પાને કરી તે તેમને દુઃખી ન કરશો. ત્રણ દીકરીઓના બાપને મુસીબતો બહુ હોય. અને બુધાલાલને કૌટુંબિક કે શારીરિક કોઇ તકલીફ હોય તો ત્રણે વેવાઇઓ તેમના દીકરાને તાબડતોળ આર્થિક મદદ માટે મોકલી આપે. વેવાઇને તકલીફમાં મદદ ન કરીએ તો સંબંધને શું કરવાનો? બુધાલાલ પટેલ પણ વેવાઇ વિશે કહે કે મારા ત્રણે વેવાઇઓ તો મારા મોટાભાઇ જેવા છે. આજના કળિયુગમાં આવા વેવાઇ કોઇ ભાગ્યશાળીને જ મળે. સમાજમાં દીકરાના બાપને એક પ્રકારની મોટાઇ હોય છે કે અમે દીકરીવાળા છીએ. પણ આમાં તો કોણ મોટું અને કોણ નાનું એ જ સમજાતું નથી. પણ સંસારમાં બધા બુધાલાલ નથી હોતા અને બધા બુધાલાલ આવા ભાગ્યશાળી નથી હોતા. પ્રત્યેક દીકરાના બાપ વેવાઇ બન્યા પછી આટલી સમજણ બતાવે તો સ્ત્રીઓને પંખે લટકવાના, નર્મદા કેનાલમાં ભૂસકા મારવાના કે ઝેર ગટગટાવવાના પ્રસંગો ન બને. સમાજની કેટલી સમસ્યા હલ થઇ જાય? પ્રત્યેક દીકરીના બાપને આવા વેવાઇ મળે તો કેવું...?

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭

સૂર્યાસ્ત : ૭.૨૫

### તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૬૮ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: **સ્ક્રીન-૧** :
કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: **સ્ક્રીન-૨** :
કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦
: **સ્ક્રીન-૩** : ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦, ૭.૦૦
બોલ બચ્ચન : ૧૨.૪૫
કૉકટેલ : ૪.૦૦
કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૦૦
: **સ્ક્રીન-૪** : ગટ્ટુ : ૧૦.૦૦
કૉકટેલ : ૧૧.૩૦, ૧૦.૧૫
બોલ બચ્ચન : ૨.૧૫, ૭.૧૫
આલાપ : ૫.૦૦
કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૩૦

**સિને મેક્સ**

: **સ્ક્રીન-૧** :
કયા સુપર કુલ હૈ હમ : ૯.૦૦, ૧.૩૦, ૧૦.૧૫
આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૬.૧૫, ૮.૧૫
: **સ્ક્રીન-૨** : ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૯.૩૦
કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦, ૯.૦૦
: **સ્ક્રીન-૩** : બોલ બચ્ચન : ૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૦૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧.૦૦
કયા સુપર કુલ હૈ હમ : ૭.૧૫
: **સ્ક્રીન-૪** :કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૩૦
કૉકટેલ : ૧.૧૫, ૭.૦૫
ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૦૦, ૯.૪૫

**સૂર્યા, વાવોલ**

કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ધાર્મિક**

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ,ગાંધીનગર દ્વારા ઉમેશભાઈ ઓઝા, ૧૫૨, સહકાર કોલોની, સે-૨૫,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૩, ગાંધીનગર દ્વારા દિલીપભાઈ જાની, બી-૧, ટાઈપ, બ્લોક ૧૪૨/૧, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- પંડ્યા અતુલભાઈ, જાગૃતિ પાર્ક, સે-૩૦ ખાતે, વિસનગરા નાગર પરિવાર દ્વારા શિવ મહિમ્ન સ્તોત્ર રાત્રે ૮-૦૦ વાગે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, જયશ્રીબેન ભટ્ટ, સે-૬બી, ૧૯૩/૧, ખાતે શિવ મહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી શાકભાજીના હિંડોળા.

### આપની આજ

**મેષ** : આજે કૌટુંબિક શુભ કાર્યોનું આયોજન થઈ શકશે. આર્થિક સંસ્થાઓ પર કાર્ય થઈ શકે છે. ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : જ્ઞાન, શિક્ષા, સંશોધન વગેરે કાર્યોમાં સમયનો વ્યય ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કર્ક** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**સિંહ** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કન્યા** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

**તુલા** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**વૃશ્ચિક** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**ધન** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**મકર** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કુંભ** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**મીન** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

### ચિરવિદાય

- સ્વ. ચાંદાબા દાદાભા ફતુજી બિહોલા (ઉ.વ.૭૫) મુ.પાલજ, નવા ગામ, તા.જી. ગાંધીનગર
- સ્વ. શંકરલાલ જેઠાલાલ રાઠોડ (ઉ.વ.૭૪) પ્લોટ નં.૧૪૦૮/૨, સેકટર-૨બી, ગાંધીનગર.
- સ્વ. હંસાબેન મેવાજી ઠાકોર (ઉ.વ.૩૪) મુ. રાધેજા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. ભરતભાઈ ગફાભાઈ દંતાણી (ઉ.વ.૬૫) સેકટર-૩નાં છાપરાં, ઘ-૧ નજીક, ગાંધીનગર.